# લાલ કિલ્લાની ઘટના દુર્ભાગ્યપૂર્ણ : રાષ્ટ્રપતિ

## બજેટ સત્રના આરંભે રાષ્ટ્રપતિનું સંબોધન, કોંગ્રેસ સહિત વિપક્ષે કર્યો બહિષ્કાર

ન્યુ દિલ્હી,તા.૨૯ આજથી સંસદના બજેટ સત્રની શરૂઆત થઈ. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી આ સત્રની શરૂઆત થઈ. પોતાના અભિભાષણમાં રાષ્ટ્રપતિએ સરકારની ઉપલબ્ધિઓ ગણાવી.



આ ઉપરાંત તેમણે નવા કૃષિ કાયદા, ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ફેલાયેલી અરાજકતાનો પણ ઉલ્લેખ કર્યો.

બજેટ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી થઈ. અભિભાષણની શરૂઆતમાં રાષ્ટ્રપતિએ કોરોના મહામારીના સમયમાં થઈ રહેલા આ સત્રને મહત્વપૂર્ણ ગણાવ્યું. તેમણે કહ્યું કે નવા દાયકા અને નવા વર્ષનું પહેલું સત્ર છે. આ સાથે આપણે ભારતની આઝાદીના ૭૫માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે પડકાર ગમે તેટલો મોટો કેમ ન હોય, અમે ઝૂકીશું નહી.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે મહામારી વિરુદ્ધની આ લડતમાં આપણે અનેક દેશવાસીઓને અકાળે ગુમાવ્યા પણ છે. આપણા બધાના પ્રિય અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું નિધન પણ કોરોના કાળમાં થયું. સંસદના ૬ સભ્ય પણ કોરોનાના કારણે કસમયે આપણને છોડીને જતા રહ્યા. હું તમામ પ્રત્યે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. તેમણે વધુમાં કહ્યું કે સરકારે લગભગ ૩૧ હજાર કરોડ રૂપિયા ગરીબ મહિલાઓના જનધન ખાતામાં સીધા ટ્રાન્સફર કર્યા. દેશભરમાં ઉજ્જ્વલા યોજનાના લાભાર્થી ગરીબ મહિલાઓને ૧૪ કરોડથી વધુ મફત ગેસ સિલિન્ડર પણ મળ્યા.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે આપણા માટે ગર્વની વાત છે કે આજે ભારત દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવી રહ્યું છે. આ પ્રોગ્રામની બે રસી ભારતમાં જ નિર્મિત છે. સંકટના આ સમયમાં ભારતે માનવતા પ્રત્યે પોતાની જવાબદારીનું નિર્વહન કરતા અનેક દેશોને કોરોના રસીના લાખો ડોઝ ઉપલબ્ધ કરાવ્યા છે.

તેમણે કહ્યું કે તાજેતરમાં તિરંગા અને ગણતંત્ર દિવસ જેવા પવિત્ર દિવસનું અપમાન ખુબ દુર્ભાગ્યપૂર્ણ છે. જે બંધારણ આપણને અભિવ્યક્તિની આઝાદીનો અધિકાર આપે છે, તે બંધારણ આપણને શિખવાડે છે કે કાયદો અને નિયમનું પણ એટલી જ ગંભીરતાથી પાલન કરવું જોઈએ.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ખેડૂતોના હિતો માટે સરકાર ગંભીર છે. મારી સરકારે સ્વામીનાથન આયોગની ભલામણોને લાગુ કરતા ખર્ચથી દોઢ ગણું સ્જીઁ આપવાનો નિર્ણય લીધો હતો. મારી સરકાર આજે સ્જીઁ પર રેકોર્ડ માત્રામાં ખરીદી કરી રહી છે અને ખરીદ કેન્દ્રોની સંખ્યા પણ વધારી રહી છે. તેમણે કહ્યું કે સરકારે છેલ્લા ૬ વર્ષમાં



બીજથી લઈને બજાર સુધી દરેક વ્યવસ્થામાં સકારાત્મક પરિવર્તનનો પ્રયાસ કર્યો છે. જેથી કરીને ભારતીય કૃષિ આધુનિક પણ બને અને કૃષિનો વિસ્તાર પણ થાય. આત્મનિર્ભર ભારત અભિયાન ભારતમાં નિર્માણ સુધી જ સિમિત નથી પરંતુ તે ભારતના દરેક નાગરિકના જીવનસ્તરને ઉપર ઉઠાવવા અને દેશના આત્મવિશ્વાસને વધારવાનું પણ અભિયાન છે.

## છેલ્લે... છેલ્લે...

- દિલ્હીમાં ૫ મી ફેબ્રુઆરીથી ધો. ૯ અને ધો. ૧૧ ના વર્ગો આરંભાશે.
- શનિવારે સાંજે ૫ વાગ્યા સુધી હરિયાણાના ૧૭ જિલ્લાઓમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવામાં આવી.
- કંગના રનૌત હવે ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવશે. ઓપરેશન બ્લુ સ્ટાર આધારિત ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે.
- રાજુલાના ખાતબાઈ ગામે ૫૦ મરઘાના મોત.
- અમદાવાદ એરપોર્ટ પર ફરજ બજાવતા બે કસ્ટમ સુપ્રિન્ટેન્ડેન્ટની સોનાની દાણચોરી મામલે ધરપકડ.
- કોરોના રસીકરણના બીજા તબક્કામાં કોવીશીલ્ડના બદલે કોવોક્સિન અપાશે.
- ગાઝીપુર બોર્ડ પર વીજળી અને પાણીનો સપ્લાય ફરી શરૂ કરાયો.
- દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે રાકેશ ટીકૈતને સમર્થન આપ્યુ.
- બીકેયુના રાકેશ ટીકૈતને બીપીપીના છોટુ વસાવાનુ સમર્થન.
- રાજસ્થાન સરકારે વેટમાં બે ટકાનો ઘટાડો જાહેર કર્યો.
- દિગ્ગજ ગુજરાતી અભિનેતા અરવિંદ જોશીનું નિધન.
- નોઈડામાં સાંસદ શશી થરૂર સહિત છ વરિષ્ઠ પત્રકારો સામે એફઆઈઆર દાખલ.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીને માટે રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરી ગાઈડલાઈન

ગાંધીનગર,તા.૨૯ કોરોના સંકટ વચ્ચે ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે, ત્યારે રાજ્યના ચૂંટણી પંચે પણ જીવલેણ વાઈરસના સંક્રમણથી બચવા માટે કેટલીક ગાઈડલાઈનો જાહેર કરી છે. આથી કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે જાહેર કરેલી ગાઈડ લાઈનનું પાલન કરીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન અનુસાર, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડોર ટૂ ડોર પ્રચાર માટે માત્ર ૫ વ્યક્તિઓને જ મંજૂરી આપવામાં આવી છે. જ્યારે શક્ય હોય, ત્યાં સુધી ડિજિટલી અભિયાન કરવા સૂચન કરવામાં આવ્યું છે. જ્યારે માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ જેવા નિયમોનું પાલન કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

આ સિવાય કોરોના સંક્રમિત ઉમેદવારે ઓનલાઈન ડિજિટલી પ્રચાર કરવાનો રહેશે. આ માટે નોડલ અધિકારીઓને સમગ્ર કોવિડ ગાઈડલાઈનનું પાલન કરાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. જણાવી દઈએ કે, રાજ્ય ચૂંટણી પંચ તરફથી મહાનગર પાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ૬ મહાનગર પાલિકા, ૮૧ નગર પાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતો માટે ફેબ્રુઆરીના અંતમાં બે તબક્કામાં ચૂંટણી થશે. આ સાથે જ રાજકીય પાર્ટીઓ પણ મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે.

વિવિધ પાર્ટીમાં ઉમેદવારોએ ટિકિટ મેળવવા માટે લોબિંગ શરૂ કરી દીધુ છે. ભલે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોય, પરંતુ સમગ્ર દેશની નજર ગુજરાતની આ ચૂંટણીઓ પર ટકેલી રહેશે. આ ચૂંટણી વર્ષ ૨૦૨૨માં આવનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીની સેમીફાઈનલ માનવામાં આવી રહી છે. આ વખતની ચૂંટણીમાં ભાજપની સાથે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, નેશનલ કોંગ્રેસ પાર્ટી, અસદૂદિ ઓવૈસીની એઆઈએમઆઈએમ અને ભારતીય ટ્રાઈબલ પાર્ટી પણ ચૂંટણીના મેદાનમાં ઉતરી રહી છે. જેના કારણે આ ચૂંટણી રોમાંચક બની ગઈ છે.









ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં આ વખતે આમ આદમી પાર્ટી ઝંપલાવી રહી છે જેના કાર્યકર્તાઓમાં અત્યારથી જોશ જોવા મળી રહ્યો છે. હાલ પાર્ટી કાર્યકર્તાઓ શહેરમાં ઠેર ઠેર પોસ્ટર ચિપકાવવા સાથે દિલ્હીની જેમ ગાંધીનગરમાં પણ નુક્કડ સભાઓ યોજી રહ્યાં છે અને દિલ્હીમાં કેજરીવાલ સરકારના પ્રજાલક્ષી કાર્યો અંગે માહિતી આપી અહીં પણ તેને જીતાડવા અનુરોધ કરી રહ્યાં છે.

## સાચોદર ગામની સીમમાંથી દેશી બનાવટની પિસ્ટલ સાથે એક શખ્સ ઝડપાયો

હિંમતનગર, તા.૨૯ હિંમતનગર નજીક આવેલા સુરેશ્વરી ગામથી સાચોદર જવાના માર્ગ પરથી એક શખ્સને દેશી બનાવટની પીસ્ટલ સાથે સાબરકાંઠા





એસઓજી પોલીસે દબોચી લીધો છે. પોલીસે રૂ.૧૦ હજારની પિસ્ટલ અને આરોપી સામે પોલીસે આર્મ્સ એક્ટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ દ્વારા મળતી વિગત મુજબ સાબરકાંઠા એસઓજી પીઆઈ વાય.જે.રાઠોડના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ કે.કે.રાઠોડ, એએસઆઈ સુરેખાબેન, હે.કો.રાજુભાઈ, ભાવેશકુમાર, મહેન્દ્રસિંહ, પો.કો. કિરીટસિંહ, નિકુંજકુમાર, અપેન્દ્રસિંહ, ગોવર્ધનભાઈ, ભાવેશકુમાર, દશરથભાઈ સહિતના સ્ટાફના માણસો એસઓજી કચેરીએ હાજર હતા. તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે સુરેશ્વરી ગામ થી સાચોદર જવાના માર્ગ પર ડીપ ઉપર એક શખ્સ દેશી બનાવટની પિસ્ટલ સાથે ઉભો છે. જેથી એસઓજી પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા વિજયકુમાર જશવંતભાઈ પરમાર (રહે. સુરેશ્વરી ગામ સાચોદર તા.હિંમતનગર)ને દેશી બનાવટની સિલ્વર કલરની પિસ્ટલ સાથે ઝડપી પાડ્યો હતો. એસઓજી પોલીસે શખ્સ પાસેથી રૂ.૧૦હજારની પિસ્ટલ મુદ્દામાલ તરીકે કબ્જે કરી આરોપી સામે હિંમતનગર ગ્રામ્યમાં આર્મ્સ એક્ટ મુજબનો ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

## કુડાસણમાં વિના મુલ્યે કરાઓકે કંઠ-પરીક્ષા કાર્યક્રમનું આયોજન

ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો સંચાલિત ઉગતા કલાકારોને પ્રોત્સહીત કરતી કરાઓકે-ક્લબ ''ગીત ગાતા ચલ'' દ્વારા ગાંધીનગર-અમદાવાદ શહેરનાં તેમજ ગુજરાત-રાજ્યના ગીત ગાવાના શોખીન એવા દરેક અનુભવી-બિનઅનુભવી સંગીત રસીકોને કરાઓકે-ટ્રેકશો દ્વારા પોતાના અવાજમાં ગીતોની રજુઆત કરવા માટે એક સારૂ પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે વિના મુલ્યે જાહેર કંઠ-પરીક્ષા કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ સંગીત સ્પર્ધા તા.૩૧-૦૧-૨૦૨૧ રવિવારના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪-સનરાઈઝ આર્કેડ, મારુતિ-નેક્શા શો-રૂમ ની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર ખાતે યોજાશે જેમ?ાં ફક્ત પ્રથમ ૨૧ પ્રવેશ-ફોર્મ સ્પર્ધાનાં દિવસે જ ભાગ લેવા માટે વહેલાં તે પહેલાંનાં ધોરણે સ્ટુડિયો ખાતે રૂબરૂ આવીને ભરી શકાશે, જે માટે કોઈપણ પ્રકારનો ચાર્જ ભરવાનો રહેશે નહી. કોરોનાની વર્તમાન સ્થિતિને સંદર્ભે માસ્ક- સોશિયલ ડિસ્ટન્સ સહીત સરકારના આદેશોનું પાલન કરવામાં આવશે. આ સંગીત સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા સભ્યોને પ્રોત્સહન રૂપે ઈનામ આપવામાં આવશે. આ સંગીત સ્પર્ધા જોવા માટેનો પ્રવેશ નિઃશુલ્ક રહેશે જેથી દરેક સંગીતપ્રેમીઓને આ કાર્યક્રમમાં પધારવા સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. વધુ માહિતી માટે મોબાઈલ નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ ઉપર સંપર્ક કરી શકાશે.

## રોટરી ક્લબ ઓફ કેપીટલનું આદર્શ નિવાસી કુમારશાળાઓમાં ધ્વજવંદન

ગાંધીનગર : તા.૨૭

આદર્શ નિવાસી કુમાર શાળામાં ૭૨મા પ્રજાસત્તાક દિનના પાવન પર્વે રોટરી ક્લબ ઓફ કેપીટલ ગાંધીનગર દ્વારા આદર્શ નિવાસી કુમાર શાળામાં સંસ્થાના સચિવ હસમુખ મેકવાનના હસ્તે અને આદર્શ નિવાસી કન્યા શાળામાં રોટરી ક્લબના પાસ્ટ આસીસ્ટન્ટ ગવર્નર અમીબહેન શાહના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંન્ને શાળા કન્યા-કુમારના વિદ્યાર્થીઓ, શિક્ષણગણ અને જગતભાઈ કારાણી, અરવિંદભાઈ રાણા, અશ્વિનભાઈ શર્મા, ગૌરાંગભાઈ રાવલ, મીતાબહેન, લાભુબહેન ઓઝા, રાજીવ ભંડારી, જયશ્રીબહેન ખેતિયા ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર શો રૂમના કર્મચારીએ ૨૦ ગ્રાહકોને કાર બારોબાર પધરાવી દીધી : કર્મચારી વિરુદ્ધ ૬.૬૨ લાખની ઉચાપતની ફરિયાદ

ડીસા, તા. ૨૯ પાલનપુરમાં કાર શો-રૂમના સેલ્સ કન્સલ્ટન્ટે ૨૦ ગ્રાહકો પાસેથી ૬.૬૨ લાખ લઈ કંપનીમાં જમા નહી કરાવી ઉચાપત કર્યાની ફરીયાદ નોંધાઈ છે. સેલ્સ કન્સલ્ટન્ટે કંપનીના ગ્રાહકો પાસેથી વાહન વેચાણના ડાઉન પેમેન્ટ, વીમાના અને આરટીઓ સહિતના નાણા પોતાના પર્સનલ એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. જે પૈસા કંપનીને નહીં ચુકવતાં કંપનીના જનરલ મેનેજરે ઈસમ સામે ૬.૬૨ લાખની ઉચાપતની ફરીયાદ નોંધાવતાં હડકંપ મચી ગયો છે. આરોપી ઈસમ ગ્રાહકોને કાર વેચાણ આપી અલગ- અલગ રીતે પૈસા પોતાના ખાતામાં જમા કરાવીને કંપનીની ખોટી રસીદો આપતો હોવાનું પણ સામે આવ્યુ છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં આવેલા રીયા કાર્સ પ્રા. લીમીટેડના સેલ્સ કન્સલ્ટન્ટે ૬.૬૨ લાખની ઉચાપત કર્યાની ઘટના સામે આવી છે. કંપનીના જનરલ મેનેજર કૌશિક રાવલે નોંધાવેલી ફરીયાદ મુજબ, ગત તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ એક ગ્રાહકને કારની ડીલીવરી આપી હતી. જેમાં કંપનીના ખાતામાં ગ્રાહકના ૭૫,૦૦૦ લેવાના બાકી નીકળતાં હતા. જે બાકી રકમની ઉઘરાણી તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ કરતાં ગ્રાહકે તે પૈસા સેલ્સ વિભાગના વિનોદ મકવાણાને આપ્યા હોવાનું ખુલ્યુ હતુ. આ સાથે રસીદનો ફોટો અને ગુગલ પે નો સ્ક્રિન શોર્ટ જોતાં બેંક એકાઉન્ટ નંબર કંપનીનો નહીં પરંતુ વિનોદ મકવાણાનો હતો. આ તરફ સમગ્ર ઘટનાને લઈ ઉલટ તપાસ કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, આરોપી સેલ્સ કન્સલ્ટન્ટે અગાઉ પણ આવી રીતે સરેરાશ ૨૦ જેટલાં ગ્રાહકોના પૈસાની ઉચાપત કરી હોવાનું ખુલ્યુ હતુ. જનરલ મેનેજર કૌશિક રાવલે આરોપી ઈસમ સામે ગ્રાહકોના નાણા કંપનીના જમા ના કરાવી પોતાના અંગત ઉપયોગમાં વાપર્યા હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે. આ સાથે આરોપીએ ગ્રાહકોને કંપનીને જાણ કર્યા વગર ખોટી રસીદો ગ્રાહકોને આપી હોવાને લઈ ૬,૬૨,૩૩૮ રૂ. ની ઉચાપત કરી હોવાની ફરીયાદ નોંધાવી છે. પાલનપુર પશ્ચિમ પોલીસે આરોપી સામે આઈપીસી કલમ ૪૦૮, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### તન દુરસ્તી ● ચોથા પાનાનું ચાલું...

ગાંડાભાઈ બોલ્યા, ડાહ્યાભાઈ કયાં લોકોએ કોરોનાની રસી ન લેવી જોઈએ? ડાહ્યાલાલ બોલ્યા, ગાંડાલાલ આ આ તમારો બહુ સુંદર પ્રશ્ન છે. તો સાંભળો ગાંડાલાલ જે લોકોને એલર્જી વધારે હોય એ લોકોએ કોરોનાની રસી ડૉક્ટરના અભિપ્રાય પછી જ લેવી જોઈએ. જે બહેનોને સારા દિવસો જતા હોય એટલે પ્રેગનેન્સી હોય. એ બહેનોએ રસી ન લેવી જોઈએ. અને જે બહેનો પોતાના બાળકને ધાવણ આપતા હોય એ બહેનોએ પણ રસી ન લેવી જોઈએ. અને હા, જે લોકોને કોરોના થયો હોય અને પ્લાઝમા થેરાપી લીધેલી હોય એ લોકોએ ડૉક્ટરની સલાહ અને દેખરેખ નીચે કોરોનાની રસી લેવી જોઈએ. કોરોનાની રસી માટે જુદી જુદી અફવાઓ બજારમાં ચાલે છે. આ રસી બીજેપીએ અથવા તો કોંગ્રેસે બનાવેલી નથી. રસી આપણા વૈજ્ઞાનિકોએ બનાવેલી છે. એટલે ઘણી વખત રાજકીય આંટાપાટા અથવા તો દ્વેષ ભાવથી લોકો ગમે તેમ બોલતા હોય છે.

પણ દરેક વ્યક્તિએ પોતાની કોરોનાની જાગૃતિ માટે અથવા કોરોના સામે લડવા માટે રસી લેવી જરૂરી છે. જયારે જયારે તમારો નંબર આવે ત્યારે કોઈને પણ પૂછ્યા વગર રસી લેવી જ જોઈએ...

### સ્થાયી સમિતિની... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવાની કામગીરીને પણ મંજૂરી આપવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં આર.સી.સી. રોડ બનાવવા માટેના ટેન્ડર અંગેનો નિર્ણય પણ આ બેઠકમાં થઈ શકે છે. આ માટેનું ટેન્ડર ૩૫ ટકાથી પણ નીચે આવ્યુ છે.

આ ઉપરાંત સ્થગિત કરાયેલ પેવર બ્લોકની કામગીરી પણ પુનઃ શરૂ કરવામાં આવનાર છે. આ માટેનુ ટેન્ડર પણ ૩૯ ટકા જેટલુ નીચુ આવ્યુ છે તે અંગેનો નિર્ણય આ બેઠકમાં થશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરાના એકત્રીકરણ તેમજ તેના નિકાલની કામગીરી ઉપરાંત રોડ સ્વીપર મશીનના ઓપરેશન અને મેઈન્ટેન્સ અંગેની દરખાસ્ત પર સ્થાયી સમિતિની આજની બેઠકમાં નિર્ણય થશે.

મનપામાં નવા બનેલા ભરતી બઢતીના નિયમોમાં શાબ્દીક સુધારાઓને લઈ પણ દરખાસ્ત રજુ કરવામાં આવી છે અને તેને પણ બહાલી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

### છેલ્લા ચાર વર્ષમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવતા વસાહત મહામંડળે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી હાથ ધરી હતી. બરોડા ગ્રામીણ બેંકની સહાયતાથી જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર વર્ષ ૨૦૨૦માં સૌથી વધુ ઈન્ફોસિટી પોલીસસ્ટેશન વિસ્તારમાં ૧૦ વ્યક્તિઓએ ત્યારબાદ સેક્ટર-૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૯ વ્યક્તિઓએ અને સૌથી ઓછા સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૬ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો.

દેશભરમાં આંતકવાદના કારણે મરતાં નાગરિકોની સંખ્યા કરતા માર્ગ અકસ્માતના કારણે ૧૬૯ ગણા વધારે નાગરિકોના મોત થઈ રહ્યાં હોવાનો ચોંકાવનારો ખુલાસો કરતા શહેર વસાહત મહામંડળે જણાવ્યું છે કે દેશમાં દર કલાકે સરેરાશ ૫૫ વ્યક્તિઓ માર્ગ અકસ્માત સર્જાય છે જેમાં સરેરાશ ૧૭ વ્યક્તિઓ પોતાનો જીવ ગુમાવે છે. માર્ગ સલામતી કાર્યક્રમમાં વસાહત મહામંડળના હોદ્દેદારો અરૂણ બુચ, પ્રદિપ સોલંકી, કિશોર જિકાદરા, ભાનુભાઈ દવે, મયુર વ્યાસ, સુધીર દેસાઈ વગેરેએ સહકાર આપ્યો હતો.

### ટ્યૂશન ક્લાસીસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની જાણકારી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપી હતી અને ઉમેર્યુ હતુ કે, ધોરણ ૯થી ૧૨ પૂરતા ટ્યુશન ક્લાસ પણ કોવિડની તકેદારી સાથે શરૂ કરી શકાશે. તેમણે ઉમેર્યુ હતું કે સ્પર્ધાત્મક પરિક્ષા માટેના કોચિંગ કલાસ પણ શરૂ કરી શકાશે. કોચિંગ કલાસીસ માટે પણ રાજ્ય સરકારે કોરોના સંક્રમણ નિયંત્રણ અંગે જાહેર કરેલી માર્ગદર્શિકા એસઓપીનું ચુસ્તપણે પાલન કરવું ફરજિયાત રહેશે. ચુડાસમાએ ઉમેર્યુ કે કોલેજ કક્ષાએ ઉચ્ચશિક્ષણ માટે પ્રથમ અને બીજા વર્ષનું શૈક્ષણિક કાર્ય પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

કોરોના મહામારી વચ્ચે ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ થયા બાદ હવે આગામી ૧ ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ૧૧ના વર્ગો પણ શરૂ થવા જઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદમાં સ્કૂલો દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. કોરોના મહામારીને ધ્યાને રાખીને શાળા દ્વારા બેઠક બોલાવીને વિદ્યાર્થીઓને કેવી રીતે બોલાવવા અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું તે અંગે ચર્ચા કરવામાં આવી. સાથે જ વિદ્યાર્થીઓને ઓલ્ટરનેટ બોલાવવા અંગે પણ વિચારણા કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરે તે માટે વિદ્યાર્થીઓને રિશેષ આપવામાં નહી આવે.

### નવો વળાંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાઝીપુર બૉર્ડર પહોંચ્યા. જયંતે કહ્યું કે, તેઓ ખેડૂતોની સાથે છે અને યૂપી સરકાર સતત ખેડૂતો પર પ્રદર્શન હટાવવાનો દબાવ બનાવી રહી છે. ઉલ્લેખનીય છે કે રાકેશ ટિકૈત ગઈકાલે ભાવુક પણ થઈ ગયા હતા અને તેમણે ખેડૂતોને અપીલ કરી હતી. ત્યારબાદ પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને હરિયાણાના અનેક ગામથી જાટ સમુદાયના ખેડૂતો મોટી સંખ્યામાં ગાઝીપુર બૉર્ડર આવી ગયા હતા.

દરમિયાન ૨૬ જાન્યુઆરીના દિવસે થયેલી હિંસા બાદથી ખેડૂત આંદોલન ઠંડુ પડતું જોવા મળી રહ્યું હતુ, પરંતુ ગુરૂવારના ગાઝીપુર બૉર્ડર પર રાકેશ ટિકૈતના રડ્યા બાદ માહોલ ફરી બદલાઈ ગયો છે. આ દરમિયાન તેમના ભાઈ નરેશ ટિકૈતે મુઝફ્ફરપુરમાં શુક્રવારના મહાપંચાયત કરવાની જાહેરાત કરી છે. મોડી રાત્રે નરેશ ટિકૈતે ટ્વીટ કરીને કહ્યું કે, 'મહેન્દ્ર સિંહ ટિકૈતના દીકરા અને મારા નાના ભાઈ રાકેશ ટિકૈતના આ આંસૂ વ્યર્થ નહીં જાય. સવારે મહાપંચાયત થશે અને હવે અમે આ આંદોલનને નિર્ણાયક સ્થિતિ સુધી પહોંચાડીને દમ લઈશું.હ્ર

### સમરાંગણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બૉર્ડર પર ધરણાની વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતુ. આ લોકોએ ખુદને હિંદુ સેનાના ગણાવ્યા હતા અને કહ્યું હતુ કે લાલ કિલ્લા પર તિરંગાનું અપમાન થયું છે એ સહન નહીં કરવામાં આવે.

સિંઘુ બૉર્ડર પર પોલીસે બંને ટોલા વચ્ચે થઈ રહેલા ઘર્ષણને રોકવા માટે લાઠીચાર્જ કર્યો છે અને ટીયર ગેસના સેલ છોડ્યા છે. અહીં તલવાર અને અન્ય હથિયારો તેમજ પથ્થરોથી હુમલો થયો છે. સિંઘુ બૉર્ડર પર ગુસ્સે ભરાયેલા ગ્રામીણોની ભીડને નિયંત્રિત કરવામાં પોલીસ લાગી છે અને લાઠી ચાર્જ તેમજ ટીયર ગેસનો ઉપયોગ કર્યો છે. ઉલ્લેખનીય છે કે પોલીસે ગ્રામીણોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેઓ માન્યા નહીં. પોલીસે ગ્રામીણો પર જોરદાર લાઠીચાર્જ શરૂ કરી દીધો, આંસૂ ગેસના ગોળા પણ છોડવામાં આવી રહ્યા છે. પોલીસ પર તલવારથી હુમલો કરવામાં આવ્યો જેમાં ૧ પોલીસ જવાન ઘાયલ થયો છે.

### વૃદ્ધિનું અનુમાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આમાં, અર્થવ્યવસ્થા જેટલી ઝડપથી ડાઉન થાય છે, તેટલી ઝડપથી ઉપર જાય છે. સરકારી પ્રોત્સાહનો અને નીતિઓને કારણે માંગ ઝડપથી વધી જાય છે. ઈનકમ અને આઉટપુટ વધે છે, માંગ વધે છે અને લોકો વધુ ખર્ચ કરે છે. કંપનીઓ તેમની ક્ષમતામાં વધારો કરે છે અને વધુ લોકોને રોજગારી આપે છે.

સર્વેમાં કહેવામાં આવ્યું છે કે હેલ્થકેર પર સરકારી ખર્ચને જીડીપીના ૨.૫થી ૩% સુધી વધારવો જોઈએ. આ ૨૦૧૭ની નેશનલ હેલ્થ પોલિસીમાં પણ આ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આ છતાં એ હજી પણ ૧%ની આસપાસ છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને આરોગ્ય માળખાના ખર્ચમાં વધારો થવો જોઈએ. ટેલિમેડિસિનને પણ પ્રોત્સાહન આપવાની જરૂર છે.

આ સર્વેમાં આર્થિક વિકાસદરને વેગ આપવા માટે અપનાવવામાં આવેલા પગલાંનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે અત્યારે ભારત તે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. જો તેને ત્રીજા સ્થાને પહોંચવું હોય તો નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

કોરોનાને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં પણ આ વર્ષે ૪.૪%નો ઘટાડો રહેશે. આ એક સદીનો સૌથી મોટો ઘટાડો હશે. સર્વે મુજબ વિકસિત દેશોની અર્થવ્યવસ્થાને કોરોનાને કારણે વધુ નુકસાન થયું છે.

### વિશ્વમાં શ્રેષ્ઠ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક તરફ દેશમાં વિવિધ રાજ્યોમાં રસીકરણનો કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે બીજી બાજુ પાડોશી દેશો અને અન્ય રાષ્ટ્રોને પણ કોરોનાની રસી આપવાનો કાર્યક્રમ ભારતે ઘડ્યો હતો. યુનોએ આ માનવતાવાદી કાર્યક્રમની નોંધ લીધી હતી અને યુનોના મહામંત્રી એન્ટોનિયો ગુતારેસે આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી. દરમિયાન, કેન્દ્રના વિદેશ ખાતાના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે ગુરૂવારે કહ્યું હતું કે ભારત આફ્રિકાને કોરોના વેક્સિનના એક કરોડ ડૉઝ આપવાની તૈયારી કરી રહ્યું હતું. આ ઉપરાંત યુનોના હેલ્થ વર્કર્સને પણ ભારત કોરોનાની રસીના દસ લાખ ડૉઝ આપશે. આમ અન્ય મતભેદો ભૂલીને ભારત અત્યારે જરૂરિયાતવાળા દેશોને કોરોનાની રસી આપી રહ્યું હતું.